# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત "બી" ગ્રેડ

MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોનઃ (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬
કુલપતિઃ (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬  કુલસચિવઃ (ઓ) ૨૪૨૮૦૧૪  ફેક્સઃ (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલઃ registrar@mkbhavuni.edu.in  વેબસાઈટઃ www.mkbhavuni.edu.in


એકેડેમિક / વિદ્યા / ૧૨૧૯ / ૧૯-૩૨ / ૨૦૧૩  તાઃ ૦૩ / ૦૭ / ૨૦૧૩

**વિષયઃ અન્ય યુનિવર્સિટી માંથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ આપવા અંગે.....**

વંચાણે લીધાઃ પરીક્ષા વિભાગના પત્ર ક્રમાંકઃ પરીક્ષા / ખાનગી / ૧૮૦૪ /૨૦૧૩ તા. ૨૫/૦૩/૨૦૧૩

**પરિપત્રઃ**

આથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત / સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા ભવન/ કેન્દ્રના વડાઓ તથા ડીપ્લોમા અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, અન્ય યુનિવર્સિટીમાંથી આ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ કે જેઓ વાર્ષિક પરીક્ષા પદ્ધતિના અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા માંગે છે. તેઓએ સત્ર શરૂ થયેથી દિન – ૩૦ અને સેમેસ્ટર પદ્ધતિમાં પ્રવેશ લેવા માંગે છે તેઓએ સત્ર શરૂ થયેથી દિન – ૧૫માં પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ લીધા બાદ જ પ્રવેશ આપવાનો ફરજિયાત છે. પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ લીધા વગર પ્રવેશ આપવાથી પ્રવેશ રદ થવાને પાત્ર છે. આથી ઉક્ત સમય મર્યાદામાં સંબંધિત વિદ્યાર્થીઓનેપ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ મેળવી લેવા જણાવવું.

વધુમાં જણાવવાનું કે, ઓર્ડિનાન્સ – ૨૫(૨) ની જોગવાઈ અંતર્ગત પ્રોવિઝનલ એલિજિબિલિટી મેળવ્યા બાદ એક સત્રમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના માઈગ્રેશન સર્ટિફિકેટ કોલેજ દ્વારા જે–તે વિદ્યાર્થીના પ્રોવિઝનલ એલિજિબીલીટી નંબર અને તારીખની માહિતી સાથે દરેક વિદ્યાર્થીઓના એકસાથે અત્રે જમા કરાવવાના રહેશે. (ફાઈનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ માટે વિદ્યાર્થીને અત્રે રૂબરૂ મોકલવા નહી.) આ સમયગાળા દરમિયાન માઈગ્રેશન જમા ન કરાવી શકનાર વિદ્યાર્થીઓની પરીક્ષાનું પરીણામ અનામત રાખવામાં આવશે. જે અંગે સંબંધિત સર્વેને જાણ કરવી.

**ખાસ ફરજ પરના અધિકારી,**
**(કુલસચિવ)**

પ્રતિ,
(૧) મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત / સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) ભવન / કેન્દ્રના વડાઓ
(૩) ડીપ્લોમા અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રી

નકલ જાણ સારૂ રવાના:
(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(૨) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(૩) પરિક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર